**ક્રિમીનલ કેસ નંબર : ૬૨૩૬/૨૦૨૨**

:: **આંક–૧ નીચે હુકમ** ::

આજરોજ ફરીયાદી હાજર નથી, રેકર્ડ જોતાં સદર કામ સને ૨૦૨૨ નું હોય તથા સદર કામ આરોપીને સમન્સની બજવણી માટે છે. આરોપીને ઈસ્યુ કરવામાં આવેલ સમન્સ અવાર નવાર કાઢવા છતાં બિનબજે પરત આવેલ છે. અને છેલ્લે આરોપીને કાઢવામાં આવેલ સમન્સ આરોપી સમન્સમાં જણાવેલ સરનામે રહેતા ન હોય વગર બજે પરત આવેલ છે ત્યારબાદ ફરિયાદી તરફે આરોપીનું નવુ સરનામુ રજૂ કરવામાં આવેલ છે. પરંતુ સદર સરનામા ઉપર સમન્સ ઈસ્યુ કરતા તે સમન્સબજે કે વગર બજે પરત આવેલ નથી.પણ આરોપી સદર સરનામે રહેતા ન હોય વગર બજે પરત આવેલ છે.ત્યારબાદ ફરિયાદી તરફે આરોપીનું નવુ સરનામુ રજૂ કરવા માટે મુદતની માંગણી કરતા અત્રેની કોર્ટ દવારા પુરતી તક આપવામાં આવેલ છે.ત્યારબાદ ફરિયાદપક્ષને પુરતી તક આપવા છતાં સમન્સની બજવણી માટે કોઈ કાર્યવાહી કરેલ નથી અને કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ નથી. આજરોજ પણ ફરીયાદી હાજર નથી કે ફરીયાદી તરફે કોઈ અરજી નથી. જેથી રેકર્ડ ઉપરના સંજોગો જોતા ફરીયાદીને હાલની ફરીયાદ ચલાવવામાં રસ જણાતો ન હોય હાલની ફરીયાદ ક્રિમીનીલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૬ મુજબ ફરીયાદીની ગેરહાજરી સબબ રદ કરી આરોપીને બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સ્થળ:–નડીઆદ.
તા.૦૫/૦૨/૨૦૨૫

(સોનલકુંવરબા જસવંતસિંહ ચાવડા)
બીજા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,નડીઆદ
**GJ 01307**